| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **NavGujarat Samay** |
| **EDITION :** | **Ahmedabad** |
| **DATE :** | **23/04/2022** |
| **PAGE:** | **4** |

# ઇડીઆઇ દ્વારા સ્ટાર્ટઅપ એક્સપ્રેસ 2.0નું આયોજન



**નવગુજરાત સમય** > અમદાવાદ: આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈ) અને સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઈઝીસ (ક્રેડલ) એ શુક્રવારે ઈડીઆઈ કેમ્પસ, અમદાવાદમાં સ્ટાર્ટઅપ એક્સપ્રેસ 2.0નું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતમાંથી સ્ટાર્ટઅપ્સ, વિદ્યાર્થીઓ અને યુવાન ઉદ્યોગસાહસિકો સામેલ થયા હતા તથા તેમના ઉદ્યોગસાહસિકતાના પ્રયાસો અને અનુભવો એકબીજા સાથે વહેંચ્યા હતા. આ કાર્યક્રમમાં સહભાગી થયેલા લોકોએ સરકારી યોજનાઓમાંથી ફંડ મેળવવાની તકો વિશે ચર્ચા કરી હતી, રોકાણકારો સમક્ષ તેમના બિઝનેસ આઈડિયાઝ રજૂ કર્યા હતા અને સ્ટાર્ટઅપ ઈન્ટર્નશિપની તકો ચકાસી હતી. ઉદ્યોગસાહસિકતા વિશે જાણકારી મેળવી હતી તથા વ્યવહારિક વિચારોને ખીલવવા ઈન્ક્યુબેટર્સ અને એક્સલરેટર્સનું મહત્વ સમજાવ્યું હતું.